# દ્વિતિય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૭

તારીખ : ૨૨/૦૪/૨૦૧૭ ધોરણ-૮ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦
વાર : શનિવાર વિષય : સામાજિક વિજ્ઞાન કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ____________________ બેઠક નંબર : ______

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.** (10)

(1) બ્રહ્મો સમાજના સ્થાપક કોણ હતા ?
(અ) રાજા રામમોહનરાય (બ) સ્વામી વિવેકાનંદ
(ક) દયાનંદ સરસ્વતી (ડ) છત્રપતિ શિવાજી

(2) દયાનંદ સરસ્વતીએ કયા ગ્રંથની રચના કરી ?
(અ) સત્યાર્થ પ્રકાશ (બ) શ્યામવેદ
(ક) ગ્રંથસાહેબ (ડ) મિરાત-ઉલ-અખબાર

(3) પાટણ જિલ્લાના કયા તાલુકાનું નામ નદી ઉપરથી પડયું છે ?
(અ) શંખેશ્વર (બ) રાધનપુર (ક) સમી (ડ) સરસ્વતી

(4) ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત કયારે આવ્યા ?
(અ) ઈ.સ. 1905 માં (બ) ઈ.સ. 1908 માં
(ક) ઈ.સ. 1916 માં (ડ) ઈ.સ. 1915 માં

(5) '1857 ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ' નામનું પુસ્તક કોણે લખ્યું હતું ?
(અ) ખુદીરામ બોઝ (બ) વિનાયક દામોદર સાવરકર
(ક) ગાંધીજી (ડ) સરદાર પટેલ

(6) વલ્લભભાઈને બારડોલી સત્યાગ્રહમાં કયું બીરૂદ મળ્યું ?
(અ) રાજા (બ) નેતા (ક) મહાત્મા (ડ) સરદાર

(7) ભારત દેશ આઝાદ થયો ત્યારે દેશમાં કેટલા દેશી રજવાડા હતા ?
(અ) 562 (બ) 692 (ક) 662 (ડ) 542

(8) ઈન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી ?
(અ) મેડમ કામા (બ) શ્યામજી કૃષ્ણવર્મા
(ક) સરોજીની નાયડુ (ડ) ગાંધીજી

Scanned by CamScanner

(9) ચૌરી ચોરાનો બનાવ કઇ સાલમાં બન્યો હતો ?

(અ) 1922 માં (બ) 1915 માં (ક) 1905 માં (ડ) 1908 માં

(10) મિત્રમેળા નામની સંસ્થા કોણે સ્થાપી હતી ?

(અ) ચંદ્રેશખર આઝાદ (બ) રામપ્રસાદ બિસ્મિલે

(ક) વાસુદેવ બળવંત ફડકે (ડ) દામોદર સાવરકર

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો. (ગમે તે પાંચ)** (5)

(1) ચંદ્રશેખરનું નામ આઝાદ કેવી રીતે પડ્યું ?

(2) અસહકાર એટલે શું ?

(3) ગાંધીજીએ દાંડીકૂચ શા માટે કરી ?

(4) લોકમાન્ય ટિળકે કયું સૂત્ર આપ્યું ?

(5) સ્વામી વિવેકાનંદે શું ઉપદેશ આપ્યો ?

(6) વાસુદેવ બળવંત ફડકેએ કઇ પ્રતિજ્ઞા લીધી ?

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના જવાબ બે ત્રણ વાકયોમાં આપો. (ગમે તે પાંચ)** (10)

(1) આઝાદી પહેલાં ભારતીય સમાજમાં કેવા-કેવા કુરિવાજો પ્રચલિત હતા ?

(2) રોલેટ એકટને ગાંધીજીએ કેમ કાળો કાયદો કહ્યો ?

(3) ભારતની આઝાદી સાથે કઇ સમસ્યાઓ પડકારરૂપ હતી ?

(4) ખેડા સત્યાગહ શા માટે કરવામાં આવ્યો ?

(5) કેબિનેટ મિશનમાં કઇ-કઇ દરખાસ્તો હતી ?

(6) વીર ભગતસિંહના સ્વાતંત્ર્ય સેનાની તરીકેના કાર્યો જણાવો.

**(બ) જોડકાં જોડો.** (5)

| **'અ' વિભાગ** | **'બ' વિભાગ** |
|---|---|
| (1) ગુજરાત રાજયની સ્થાપના | (1) પૂર્ણ સ્વરાજયનો ઠરાવ |
| (2) દાંડીકૂચ | (2) બિહાર |
| (3) બારડોલી સત્યાગ્રહ | (3) ઈ.સ. 1960 |
| (4) ચંપારણ | (4) ઈ.સ. 1928 |
| (5) જલીયાવાલા બાગ | (5) અમૃતસર |

**પ્રશ્ન-3 (અ) નીચેની ખાલીજગ્યા પૂરો.** (5)

(1) આપણા રાજયની વડી અદાલત ........... શહેરમાં છે.

(2) દેશની બધીજ અદાલતોમાં ........... અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે.

(3) ગુજરાત રાજયના રાજયપાલનું નામ ........... છે.

Scanned by CamScanner

(4) ભારતમાં ........... વર્ષે મત આપવાનો અધિકાર છે.

(5) ઈ.સ. 1902 માં વિશ્વશાંતિ માટે ........... નામની સંસ્થાની સ્થાપના થઈ.

**(બ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાકયોમાં જવાબ આપો. (ગમે તે પાંચ)** (10)

(1) સર્વોચ્ચ અદાલત કયા-કયા વિવાદો ઉકેલવાનું કાર્ય કરે છે ?

(2) જાહેર હિતની અરજી કયારે થઈ શકે છે ?

(3) ભારતે વિશ્વને વિશ્વશાંતિ માટે કયા સિદ્ધાંતો આપ્યા છે ?

(4) રાષ્ટ્રસંઘની સ્થાપના કયારે અને શા માટે કરવામાં આવી ?

(5) ''બેકારી'' ઘટાડવા માટેના ઉપાયો લખો.

(6) યુનોના હેતુઓ કયા-કયા છે ?

**(ક) નીચેનાં જોડકાં જોડો.** (5)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (1) આપણા રાષ્ટ્રપતિ | (1) વિશ્વમાં શાંતિ જાળવવી |
| (2) સંયુકતરાષ્ટ્રો | (2) ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ |
| (3) ગુજરાતના મુખ્યમંત્રી | (3) ટાટા કંપની |
| (4) સરકારી માલિકીના ઉદ્યોગ | (4) વિજયભાઈ રૂપાણી |
| (5) ખાનગીક્ષેત્રના ઉદ્યોગ | (5) પ્રણવ મુખરજી |

**પ્રશ્ન-4 (અ) નીચેના પ્રશ્નોના જવાબ વિકલ્પ પસંદ કરી લખો.** (10)

(1) જળચર જીવોના નાશ માટે કયું પ્રદૂષણ જવાબદાર છે ?

(અ) હવાનું પ્રદૂષણ (બ) જમીનનું પ્રદૂષણ

(ક) જળનું પદૂષણ (ડ) ધ્વનિનું પદૂષણ

(2) ગુજરાતમાં કયા જિલ્લાની વસતી ગીચતા સૌથી ઓછી છે ?

(અ) અમદાવાદ (બ) ગાંધીનગર (ક) કચ્છ (ડ) સુરત

(3) આપણા દેશની સૌથી ગંભીર સમસ્યા કઈ છે ?

(અ) બાળમજૂરી (બ) ગંદા વસવાટો (ક) ગરીબી (ડ) સાદી ખેતી

(4) કયું પદૂષણ અટકાવવા માટે પી.યુ.સી.ના નિયમો કડક બનાવવા જોઈએ ?

(અ) જમીનનું (બ) જળનું (ક) હવાનું (ડ) ધ્વનિનું

(5) નીચેનામાં કયો રોગ પાણીના પ્રદૂષણથી થાય છે ?

(અ) કોલેરા (બ) ન્યુમોનિયા (ક) શરદી (ડ) ખાંસી

(6) કયો રોગ હવાના પ્રદૂષણથી થાય છે ?

(અ) દમ (બ) કમળો (ક) ઝાડા-ઉલટી (ડ) મરડો

Scanned by CamScanner

(7) ભારતમાં દર કેટલા વર્ષે વસતી ગણતરી થાય છે ?

(અ) ચાર (બ) પાંચ (ક) દસ (ડ) બાર

(8) એશિયાનો કયો પર્વત દુનિયાનો સૌથી ઉંચો પર્વત છે ?

(અ) કુનબુન (બ)અલ્તાઇ (ક) હિંદકુશ (ડ) હિમાલય

(9) યાક કયા દેશનું વિશિષ્ટ પ્રાણી છે ?

(અ) પાકિસ્તાન (બ) ભૂતાન (ક) શ્રીલંકા (ડ) ભારત

(10) ભારતમાં સાક્ષરતાની બાબતમાં કયું રાજ્ય અગ્રેસર છે ?

(અ) કેરલ (બ) મહારાષ્ટ્ર (ક) તમિલનાડુ (ડ) ગુજરાત

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** (5)

(1) જન્મદર એટલે શું ?

(2) વાયુનું પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો જણાવો.

(3) વસતી વિસ્ફોટ એટલે શું ?

(4) ખાનગીકરણ એટલે શું ?

(5) કયા ભૂમિખંડ પરથી ત્રણેય મુખ્ય અક્ષાંશવૃત્તો પસાર થાય છે ?

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં લખો. (ગમે તે પાંચ)** (10)

(1) વસતી માળખુ એટલે શું ?

(2) ભારતના પડોશી દેશોના નામ જણાવો.

(3) અવાજનું પ્રદૂષણ અટકાવવા માટે શું-શું કરવું જોઇએ ?

(4) ભૂમિ પ્રદૂષણની અસરો લખો.

(5) પાણીનું પદૂષણ અટકાવવા માટે ઉદ્યોગો પર કેવા પ્રકારનું નિયંત્રણ હોવું જોઇએ?

(6) એશિયાખંડમાં સૌથી વધુ વરસાદ અને સૌથી ઓછો વરસાદ કયાં-કયાં પડે છે ?

**(બ) દુનિયાના રેખાંકિત નકશામાં નીચેની વિગતો દર્શાવો.** (5)

(1) ભારતદેશ (2) નાઇલનદી

(3) અરબસાગર (4) આફ્રિકા ખંડ

(5) હિમાલયની પર્વતમાળા

---

Scanned by CamScanner